સ્વામિશ્રીજી

# નૂતન વર્ષ ૨૦૨૫ના મંગલ આરંભે...



**ઈસ્વીસન** ૨૦૨૫ના નૂતન વર્ષ આરંભે સૌને શુભેચ્છાઓ સાથે વંદન ! સૌનું સર્વદા સર્વ રીતે મંગલ થાઓ તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં પ્રાર્થના !

આ સંસારના અને સંસારમાં મંગલના પાંચ સ્રોત છે: એક, સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન; બીજો, ભગવાનનું મંદિર; ત્રીજો, ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલો મહામંત્ર ‘ૐ સ્વામિનારાયણ’; ચોથો, ભગવાનની પરાવાણી, મહિમા અને લીલાચરિત્રોનાં શાસ્ત્રો; અને પાંચમો, ગુણાતીતભાવને પામેલા, બ્રાહ્મીસ્થિતિમાં પ્રગટ એવા સંત કે જેઓ ભગવાનના તત્ત્વના સાંગોપાંગ ધારક – ભગવાનના અક્ષરધામરૂપ સાધુ છે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને જીવન આચરણમાં સહજ જીવવા સાધના કરતાં આપણાં સૌ માટે આવા ગુણાતીત સાધુ સ્વરૂપે ગુરુહરિ સંતભગવંત સાહેબજી પ્રગટ છે.

અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ આવા ગુણાતીત સાધુના મહિમાની વાત વર્ણવતાં કહ્યું, “આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય...” (અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતું ૧/૩૦).

જેનાં મન, કાન અને આંખનાં પાપ બળી જાય તેનાં જીવન નિષ્પાપ અને મંગલમય બની જાય ! ત્યારે, આપણાં જીવનનાં સર્વ મંગલના સ્રોત તે આવા ગુણાતીત સ્વરૂપ પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી છે.

૨૦૨૫ના જાન્યુઆરીની ૧૩ તારીખે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષાતિથિ પોષી પૂનમના મંગલ દિને પ્રભુ શ્રીહરિ શ્રીજી મહારાજ અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આપણને કેવળ કૃપાથી પ્રાપ્ત પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી આપણાં જીવનનાં સર્વ મંગલરૂપ છે તેવી દૃઢ અને અચળ પ્રતીતિ દ્વારા તેઓ આપણા આત્મારૂપ છે તેવા સાક્ષાત્કાર થાઓ !

જીવનમાં આવા બ્રહ્મરૂપપણાના સાક્ષાત્કારના સરળતમ્ માર્ગને પણ સ્વયં અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ જ ચીંધ્યો છે. અને તે માર્ગ ઉપરનું પહેલું પગલું છે મહિમા ! આપણને કેવળ કૃપાથી જ મળ્યા છે તેવા પ્રગટ ગુરુહરિ સાહેબજીનો યથાર્થ મહિમા સમજાય તો, શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પોતાની પહેલી જ ‘વાત’માં કહે છે તેમ “... જીવ બીજી રીતનો થઈ જાય...,” એટલે કે અપાર મહિમાવંત સંતભગવંત સાહેબજી જ મારો આત્મા છે તેવી તેઓ સાથે પ્રીતિએ યુક્ત આત્મબુદ્ધિ થતાં મારો જીવ અક્ષરરૂપ છે, બ્રહ્મરૂપ છે તેની જાગ્રતતા પમાય ! આવી જાગ્રતતા અને જાણપણું સહજ રાખી જીવતો મનુષ્ય અક્ષરમુક્ત ! અને જે અક્ષરરૂપ મુક્ત છે તે તો શ્રી પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપ ગુરુરૂપ હરિના દાસરૂપે કેવળ તેઓની બાંસુરી બની રહે – સદાય નિર્લેપ, નિષ્કામ, નિરંજન અને નિમિત્ત !

ઉપરોક્ત આ સર્વ વાતનો આરંભ થાય છે મહિમા સમજવાથી. શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ તો પોતાની ‘વાત’માં ત્યાં સુધી કહ્યું કે, “મહિમા સમજવા જેવું મોટું બીજું કોઈ સાધન નથી...” અને આવો મહિમા સમજવાનું કારણ તે ભગવદી સંતનો પ્રસંગ છે, પણ તે વિના આવો મહિમા સમજાતો નથી.



નૂતન વર્ષના મંગલ આરંભે આવો, આપણે નિર્ધાર કરીએ કે, ભગવદી સંતના પ્રસંગના સહેલામાં સહેલા માર્ગરૂપ અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપીએ અથવા તેવી સભા આપણા નિવાસસ્થાને આરંભ કરીએ. ગુરુહરિ સાહેબજીના મહિમાને યત્કિંચિત્ પામવાનો અને તેઓના રાજીપાનો આ સરળ માર્ગ છે, જીવને અને જીવનને અપાર બળ પમાડે તેવો માર્ગ છે. તે માર્ગે પ્રભુના બળે શ્રદ્ધાપૂર્વક ડગ માંડી નૂતન વર્ષનો સાચા અર્થમાં મંગલ આરંભ કરીએ. ◆

~સા.શ્રી... ~ સાધુ મનોજદાસ